આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૩-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

# રાજય સરકાર-ગેમઝોન સુઓમોટો-સુનાવણી

ગુજરાત વડી અદાલતના નિર્દેશ અનુસાર રાજ્ય સરકારે ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્કને લગતા નવા આદર્શ નિયમો વડી અદાલત સમક્ષ મુક્યા છે..

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ પછી ગુજરાત હાઇકોર્ટ સમક્ષ હાથ ધરાયેલી સુઓમોટો અરજી ઉપર ગઈકાલે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને રાજકોટની ઘટના બાદ ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્કને લગતા નવા મોડેલ નિયમો બનાવવા કહ્યું હતું. જો કે, વડી અદાલતે સરકારને આ નવા નિયમો નોટિફાઇડ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ નિયમો દ્વારા જાહેર એમ્યુઝમેન્ટ પાર્કને લાઇસન્સ આપવાની અને નિયમનની કામગીરી કરાશે તેમજ તેનું નિયમિત ચેકિંગ પણ કરવામાં આવશે. ઉપરાંત, રાઈડ ઇન્સ્ટોલેશન, લાઇસન્સ, જુદી જુદી ગેમના પણ નિયમો બનાવવામાં આવ્યા છે. રાઇડ્સ અને મેળાના વિમા લેવા ફરજિયાત કરાયા છે. ક્વોલિફાઈડ લોકો આ ગેમ્સનું ઇન્સ્પેક્શન કરશે. જેનો રિપોર્ટ શહેરોમાં પોલીસ કમિશનરની આગેવાની ધરાવતી કમિટી અને જિલ્લાઓમાં જીલ્લા ન્યાયાધિશની અધ્યક્ષતા વાળી સમિતિ સમક્ષ મૂકવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------

## રાજય-સાયબર ક્રાઈમ અંગે પત્રકાર પરિષદ

રાજ્યમાં ગઈકાલે લોકોમાં સાયબર ક્રાઈમ અંગેની જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી અનેક જિલ્લાઓમાં પત્રકાર પરિષદોનું આયોજન કરવામાં આવ્યું.

ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જિલ્લા પોલીસ વડાએ સાયબર ક્રાઇમનો ભોગ બનનારી વ્યક્તિને ટોલ ફ્રી નંબર–૧૯૩૦ પર તુરંત સંપર્ક કરવા જણાવ્યું. વધુમાં તેમણે મોબાઇલ પર પોતાના કોઇપણ પ્રકારના બેંક ખાતા કે અન્ય નાણાંકીય વિગતો ન આપવા લોકોને અનુરોધ કર્યો હતો.

**(RNU અમદાવાદ)**

---

## રાજય ગૃહરાજ્યમંત્રી-સાયબરક્રાઈમ

ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા **28** હજાર બેંક ખાતાઓ હવે અનફ્રીઝ કર્યા છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે**,** આ નિર્ણયથી છેતરપિંડીનો ભોગ બન્યા હોય તેવા ખાતાધારકોને રાહત મળી છે.. પોલીસે બેંક ખાતા ફ્રીઝ કરવા અંગેની તેમની નિતીમાં પણ સુધારો કર્યો છે.

વધુમાં ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું કે**, 2024**માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી **46.42** ટકા છે**,** જે **2023**માં માત્ર **17.93** ટકા હતી. **30** જૂન**, 2024** સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી કુલ રકમ અંદાજે 115 કરોડ રૂપિયા છે અને **2024** માટે રિફંડ કરાયેલી રકમ અંદાજે 53 કરોડ છે.

**(RNU અમદાવાદ)**

---

## રાજય-હવામાન-વરસાદ આગાહી

દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત, નવસારી અને વલસાડ જીલ્લાઓમાં આગામી 24 કલાકમાં ઘણા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ થવાની સંભાવના છે. સૌરાષ્ટ્રના

ભાવનગર, અમરેલી તેમજ દક્ષિણ ગુજરાતના તમામ જીલ્લાઓ અને દાદરાનગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં છે.

**(RNU અમદાવાદ)**

----------------------------------------------------------------------

## કચ્છ-21મી પશુધન વસ્તી ગણતરી તૈયારી

આગામી સપ્ટેમ્બર માસથી સમગ્ર દેશની સાથે કચ્છ જીલ્લામાં પણ 21મી પશુધન વસ્તી ગણતરી હાથ ધરાશે.ત્યારે પશુધન વસ્તી ગણતરી માટે કચ્છ જીલ્લાનું તંત્ર પણ સજ્જ થઈ રહ્યુ છે. જીલ્લામાં 126 જેટલા ગણતરીદાર અને 28 સુપરવાઈઝરના માર્ગદર્શનમાં દર પાંચ વર્ષે હાથ ધરાતી આ કામગીરી પાર પડાશે. રાષ્ટ્રવ્યાપી આ પશુધન વસ્તી ગણતરી સપ્ટેમ્બર થી ડીસેમ્બર માસ સુધી ચાલશે. આ વખતે પ્રથમવાર  મોબાઈલ એપથી હાથ ધરાનારી કામગીરીમાં રખડતા ભટકતા પશુઓને પણ ગણતરીમાં આવરી લેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લી પશુધન વસ્તી ગણતરીમાં જીલ્લામાં 23.79 લાખ પશુધન નોંધાયુ હતું.

**(આશુતોષ અંતાણી/NP)**

----------------------------------------------------------------------

## કચ્છ-ચાદીપુરા વાઈરસ

કચ્છ જીલ્લામાં  ચાંદીપુરા વાઈરસનો  વધુ એક પોઝીટીવ કેસ નોંધાવા સાથે જીલ્લામાં  આ વાઈરસના કેસનો કુલ આંક 4 થયો છે. આ અંગે સત્તાવાર સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામનું 8 માસનું બાળક  ચાંદીપુરા વાઈરસ પોઝીટીવ નોંધાયુ છે. તો  અંજાર તાલુકાના  લાખાપર ગામની બાળકી શંકાસ્પદ લક્ષણો સાથે હોસ્પિટલમાં દાખલ થતાં તેનો રીપોર્ટ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યો છે.

**(આશુતોષ અંતાણી/NP)**

----------------------------------------------------------------------

## કચ્છ-ગાંધીધામ-ચેમ્બર્સ ઓફ કોમર્સ-મુખ્યમંત્રી

કચ્છના સર્વાંગી વિકાસ માટે  રાજય સરકાર કટિબધ્ધ હોવાનું મખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને આપેલી મુલાકાતમાં  જણાવ્યુ હતું. આ અંગે  ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુંજએ માહિતી આપતા જણાવ્યુ હતું કે,આગામી દાયકામાં ઉધોગ, પોર્ટ અને પ્રવાસન સ્થળના વિકાસ સાથે કચ્છને સ્પર્શતા વિવિધ પ્રશ્નો તથા અન્ય મુદ્દાઓ અંગે મંડળે મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરી આવેદનપત્ર પાઠવ્યુ હતું.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------

## કચ્છ-ભુજ-દિલ્હી ટ્રેન પ્રસ્થાન

જીલ્લા મથક ભુજને  રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી જોડતી અધતન કોચ સાથેની  ટ્રેનને ગઈકાલે ભુજ અને ગાંધીધામ રેલ્વે સ્ટેશનેથી ધારાસભ્યો તેમજ અન્ય રાજકીય તથા સામાજીક અગ્રણીઓ તેમજ રેલવેના અધિકારી-કર્મચારીઓની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરાવાયુ હતું.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------

## ક્રિકેટ-ભારત-શ્રીલંકા-પ્રથમ વન-ડે મેચ

પ્રવાસી ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબો ખાતે રમાયેલી શ્રેણીની  પ્રથમ એકદીવસીય આંતરાષ્ટ્રીય ક્રિકેટ મેચ ટાઈ થઈ હતી. શ્રીલંકાના  8 વિકેટના ભોગે 230 રન સામે ભારતની ટીમ 230 રનમાં  ઓલઆઉટ થઈ ગઈ હતી.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------